તા.૨૫/૨/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૬૪/૧૪**

**દાણીલીમડા પો.સ્ટે.:-**

દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૩૫/૧૪ ઈપીકો કલમ ૩૬૩ ૩૭૬ (૨) જ પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ ફોર સેકસુઅલ હેરેસમેન્ટ એકટ ૨૦૧૨ ની કલમ ૪ ૫ મુજબ નાં ગુનાના કામનાં ફરી.શ્રી નસરીનીબીબી વા/ઓફ હમીદભાઇ રશીદભાઇ શેખ (રહે.બાવા લબલબીની દરગાહ પાસે શાહ અબ્બાસની ચાલી જમાલપુર કેલીકોમીલની પાછળ દાણીલીમડા અમદાવાદ) નાઓની ફરીયાદનાં કામે ગઈ તા-૨૩/૦૨/૧૪ ના કલાક-૦૦/૩૦ વાગે આરોપીનં.(૧) ઇમ્તીયાઝ ઉર્ફે મસ્તાન આલમભાઇ પરમાર તથા (૨)કવ્વાલનો દિકરો સદામ જેનું નામ ખબર નથી તે બન્ને રહે. બાવા લબલબની દરગાહ પાસે જમાલપુર અમદાવાદ નાઓએ ભેગામળી ફરી.શ્રી નાં ઘરની પાછળ આવેલ કેલીકોમીલના ખંડેર મકાનમાં ફરીની દિકરી શબનમ ઉ.વ.૧૬ નાનીને લઇ જઇ બંને જણાએ ભેગા મળી તેણીની ઉપર બળાત્કાર સંભોગ કરી ગુનો કરેલ હોય જે સબંધે આરોપી નં.(૧) ઇમ્તીયાઝ ઉર્ફે મસ્તાન આલમભાઇ પરમાર ઉ.વ.૨૪ નાને ઉપરોક્ત ગુનાના કામે તા.૨૪/૨/૧૪ નાં કલાક ૧/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.

**એલીસબ્રીજ પો.સ્ટે.:-**

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં. ૩૧/૧૪ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામના આરોપીઓ (૧) સતિષ ઉર્ફે સોનુ સ/ઓ શ્યામલાલ મિરચંદાની (સિંધી) ઉવ. ૨૯ રહે ૧૭૧/૨૦૪૨ સુર્યા એપાર્ટ. પારસનગર શોલા રોડ નારણપુરા અમદાવાદ શહેર(૨) સંજય ઉર્ફે સંજ્યો વિનુંભાઈ ઉભડિયા ઉવ. ૨૨ રહે એ/૫૦ રાજીવનગર વિભાગ-૪ શ્રેયસ ટેકરા પાછળ રેડિયો મીર્ચીટાવર રોડ સેટેલાઇટ અમદાવાદ(૩) પ્રકાસ ઉર્ફે પકુ સ/ઓ પ્રેમજીભાઈ ચાવડા ઉવ. ૧૯ રહે ૭/૧૫૯ આંબાવાડી આંબેડકર કોલોની અમદાવાદ શહેર (૪) ગૌતમ ભીખાભાઈ જાદવ ઉવ. ૨૩ રહે એ/૧૧૨ વૃંદાવન ફ્લેટ વેજલપુર પોલીસ ચોકીની પાછળ વેજલપુર અમદાવાદ શહેર, આરોપીઓને સદર ગુનાના કામે સર્વેલન્સના સ્કોડના પો.સ.ઇ. શ્રી જે.એસ. કંડોરીયા નાઓએ તા.૨૪/૨/૧૪ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરેલ છે.

**<u>અમરાઇવાડી પો.સ્ટે.:-</u>**

અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફ ગુરનં ૪૨/૨૦૧૪ ઇપીકો કલમ ૩૦૨ મુજબના કામના ફરીયાદી લતાબેન તે દિલીપભાઇ જોધારામ જાતે વરીયાણીની વિધવા પત્નિ ઉવ.૪૨ રહે. બી-6 પાર્વતીનગર ઠકકરનગર ચોકીની બાજુમાં નરોડા અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામમાં આરોપી દેવીસંગ @ દિપુ રામઅવતાર જાતે ગૌતમ રહે.ઓમનગર શિવાનંદનગર અમરાઇવાડી અમદાવાદ નાએ તેની પત્નિ નામે પુંજાબેન વા/ઓ દેવીસંગ @ દિપુ રામઅવતાર જાતે ગૌતમ ઉવ.22 રહે.સદર નાનીને ઘરકંકાસના કારણે તેનાથી છુટકારો મેળવવા સારૂ તા.૨૪/૨/૧૪ ના કલાક 04.00 વાગ્યા પહેલા તેના ઘરે ગળે દુપટ્ટા વડે ફાંસો આપી મારી નાખેલ હોવા અંગેની ફરીયાદ આધારે ત.ક.અ સિનિ.પો.ઇ શ્રી એ.વી.રાજગોર નાઓએ તપાસ તજવીજ હાથ ધરી આ ગુનાના આરોપી દેવીસિંગ @ દીપુ S/O શ્રીરામઅવતાર જશુરામ જાતે ગૌતમ ઉ.વ.25 રહે. બ્લોક નં 3, રૂમ નં ૨૫, ઓમનગર, શીવાનંદનગર, નાગરવેલ હનુમાન અમરાઇવાડી અમદાવાદ શહેર મુળવતન: ગામ: નવાદા, અતનપુર તા.ફરુકાબાદ પોસ્ટ : મોહમદાબાદ થાના: મોહમદાબાદ જી.ફરુકાબાદ ઉત્તરપ્રદેશ નાને સદર ગુનામાં તા.૨૪/૨/૧૪ ના કલાક ૧૬/૧૫ વાગે પકડી અટક કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.